# ટંકારીઆ રત્ન જનાબ ઈબ્રાહીમભાઈ નાથલિયા

**રજૂ કર્તા: ઉમરફારૂક ચામડ ટંકારવી.**



હાજી ઈબ્રાહીમભાઈ નાથલિયા વિષે લખવું એટલે એક અર્થમાં ટંકારીઆ વિશે લખવા જેવું ગણાય.ગામ અને કોમનો ચાહક એવો લાગણીથી ભરેલો માણસ.મારો બચપણનો દોસ્ત. સાથે ક્રિકેટ રમેલા. પછી એ વિદેશ ગયા, ખૂબ કમાયા અનેક લોકોને મદદ કરી. અનેક લોકોને વિદેશ બોલાવ્યા. એક સુખી અને ઝિંદાદિલ માનવી સમાજ માટે શું કરી શકે છે? એ જોવું હોય તો ઈબ્રાહીમ નાથલિયાના જીવનમાંથી જોઈ શકાય છે. અનેક સગા—વહાલાં, અનેક ગામના લોકો જેઓ વિદેશમાં છે તે બધાનો પ્રણેતા આપણો આ હમદર્દ માનવી હતો. એને હૈયે સદાએ ટંકારીઆ, વહોરા પટેલ કૌમ વસેલી હતી. ગામના અદના માણસની કદર કરે અને મદદ કરે. આર્થિક રીતે સધ્ધર તો આપણી કોમમાં ઘણાં થયા અને છે પણ આવો ઉદારદિલ માનવી થયો નથી.એ માણસ ઘેલા હતા.

હાજી ઈબ્રાહીમ નાથલિયા વિષે લખવું ખબૂ જ કઠિન છે. મારી કલમ અસમર્થ છે. શું લખું અને શું ભૂલું. છતાં એને યાદ ન કરીએ તો આપણે નગુણા સાબીત થઈએ. ટંકારીઆમાં જગ્યા જગ્યાએ એની સ્મૃતિઓ દટાયેલી છે. કોઈ કામ ભૂતકાળમાં એવું થયું નથી જેમાં એની મદદ કે સલાહ સૂચન ન હોય. એ ઈંગ્લેન્ડમાં રહી મને ભરૂચમાં ટંકારીઆની ખબર આપે. જાણે એ ટંકારીઆમાં હોય બલ્કે એની રૂહ ટંકારીઆમાં જ રહેતી.

ઈંગ્લેન્ડમાં આપણા ઘણાં ભાઈઓ આર્થિક રીતે એનાથી વધારે સધ્ધર હતા અને છે. એની આજુબાજુ અનેક બીજા ગામોના મિત્રો હતા.પણ માલદારીમાં એ જ એકકો હતો.એ દિલથી માલદાર અને દોસ્તો માટે સદાએ મદદરૂપ થનાર માનવી હતો.ગામના તથા ગામ બહાર ગામના અનેક તેજસ્વી વિદ્યાર્થીઓ એની મદદથી ભણતા હતા. લેસ્ટરમાં મસ્જિદે ઉંમર બનાવવામાં પણ ભાઈનો સિંહફાળો હતો

ટંકારીઆની ધરતીનું આ રતન આપણા સૌને ગર્વ આપનારું હતું અને છે. એના કામોમાં શું લખું અને શું ન લખું? એનું જીવન અને એનું હૈયું ટંકારીઆ માટે હંમેશા ધબકતું હતું. ટંકારીઆના અનેક કુટુંબો આજે પરદેશમાં છે તે એને આભારી છે.

સુરત જીલ્લાની એક ઓરત આફ્રિકાથી એના જુવાનજોધ દીકરાને પરણાવવા આવી. ઈન્ડીયામાં એનું કોઈ નહતું, હતું તો માત્ર ફકત આપણા ભાઈનું નામ અને સરનામું. એ આવી, એને પોતાના ઘેર રાખી ગામની જ દીકરી સાથે એનું સગપણ કર્યું. પોતાના ઘેર એને પરણાવ્યો અને આફ્રિકા સજોડે વિદાય કર્યો.

ગામની મસ્જિદ, મદ્રસા, હાઈસ્કૂલ, કન્યાશાળા, ગ્રામ પંચાયતના કામો તથા એવી અનેક સંસ્થાઓમાં એ રસ લે અને સદાય મદદરૂપ થવા તત્પર રહે. ગામે પણ એમની "ટંકારીઆ રત્ન" નો ખિતાબ આપી કદર કરી. ટંકારીઆ ગામના મારા બીજા એક કવિ મિત્ર 'કદમ ટંકારવી' કહે છે કે....

**એના જેવો ઉદાર 'કદમ' કોઇ શોધજો,**
**આજે નહી, જો કાલે મળે તોય શોધજો.**
**નાથલીયા જેમ હોય 'ટંકારીઆ રત્ન'**
**પોણી બસો ભરૂચામાં જો હોય શોધજો.**

લેસ્ટર ખાતે ૨૦૧૦ ના મે મહિનામાં એમની યાદ અને શ્રદ્ધાંજલિનો એક કાર્યક્રમ યોજાયો હતો. એમના મિત્ર તરીકે હું પ્રમુખસ્થાને હતો ત્યારે મેં એક શેર કહેલો:

**બીછડા વો ઈસ તરહ કે રૂત હી બદલ ગઈ,**
**એક શખ્સ સારે શહેર કો વીરાન કર ગયા.**

આપણા આ દોસ્ત / સ્નેહી વિષે લખતાં મારી કલમ ટૂંકી પડે છે. છતાં એ દોસ્તની યાદ ટંકારીઆ અને કૌમની અનેક પેઢીઓ યાદ કરશે. ગની દહીવાલાનો શેર છે કે,

**જીંદગીનો એજ સાચે સાચ પડઘો છે 'ગની'**
**હોય ના વ્યકિત ને એનું નામ બોલાયા કરે.**

ફરી કોઈ વાર અલ્લાહ મોકો આપશે તો ઈબ્રાહીમ નાથલીયા વિષે ફરી કલમ ઉપાડીશું.ઈન્શા અલ્લાહ........